શેઠ [illegible] [illegible] ઠાકરશીનું

જીવન ચરિત્ર.

[illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૮૩૪૪ वर्गांक

पुस्तकनुं नाम ટેસરાજનું જીવનચરિત્ર

विषय ડી : ૫૦ પ્રેરક

શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસીનું જીવન ચરિત્ર.

લખનાર.

નરમણિ.

પ્રગટ કર્તા

ત્રીકમલાલ હરીલાલ ત્રીવેદી. બી. એ.

સેરાબજી મનચેરજી જાગોશે મુંબઈ વર્તમાન પ્રેસમાં, મી० રૂસતમજી
દીનશાહ બીલીમોરીયાના નંબર ૪૬૨, પ્રોકટરરોડ, ગ્રાંટરોડ ઉપર
આવેલાં બંગલામાં, મુંબઈમાં છાપી છે, અને ત્રીકમલાલ
હરિલાલ ત્રીવેદીએ મુંબઈમાં લેમીંગટનરોડ ઉપર
આવેલા "ઠાકોર મેનશનમાં" છપાવી
પ્રગટ કીધી છે.

વિક્રમ સંવત્ ૧૯૭૭ ઈસ્વી સન ૧૯૨૧.

કીંમત રૂ. ૧-૦-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

ઉપોદ્‌ઘાત.

પરમાત્મા જે નરને ઐહિક સંપત્તિની નવાજેશ કરે છે તેના ઉપર કર્ત્તવ્યની જવાબદારી પણ તેટલેજ અંશે મૂકે છે. એ જવાબદારીને હોંસ પૂર્વક જે ધનનાયકો અદા કરે છે તેઓજ શેઠ—શ્રેષ્ટ—કહેવાય; સ્વચ્છંદી દેહ-વૈભવમાં નાણું અને કાળ વ્યતીત કરનાર ધનિકને "શેઠ" ન કહી શકાય તે નજ કહી શકાય.

જીંદગી વૈભવને માટે નથી પણ કર્ત્તવ્યને માટે છે એ ભવ્ય સિદ્ધાંત આપણા ચરિત્ર નાયકના જીવનમાં તેમજ તેમના કુટુંબના દરેક પુરૂષ રત્નના જીવનમાં, સબળ અંશે જોવામાં આવે છે. ચંચળ ગણાતી લક્ષ્મીને દીર્ઘ-જીવી કરવાની કળાનો અભ્યાસ તેઓ ઉમંગભેર કરતા આવ્યા છે અને એજ કારણથી વ્યાપારી વર્ગના અનેક ભાગ્યશાળી યુવકને પોતાનાં તન-મન-ધનનો ઉપયોગ કયાં કરવો ને કયાં ન કરવો તેની કુચી આ લઘુ લેખમાંથી ઝટ જડી આવશે.

જીવન ચરિત્રનો લેખ ટુંકો ભલે હોય પણ જો તે મુદાસર લખાયો હોય તો જીજ્ઞાસુજનને તેમાંથી ઘણું ઘણું શીખવાનું મળે. સંસાર જેવા તોફાની દરીઆમાં અટવાયલા વહાણ વટીને સુમાર્ગ દેખાડવા માટે દિવાદાંડી માંહેલો એક દિવો પણ બસ છે!

નરમણિ.

शेठ हंसराज प्रागजी ठाकरसी.



जन्म —संवत् १९३६, पोष शुद १५, मंगळवार,
ता० २७ मी जानेवारी सन १८८०.

શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરસીનું જીવન ચરિત્ર.

મુંબઇ ઈલાકાની સર્વે હિંદુ કોંમોમાં ભાટીઆની જ્ઞાતિ સુપ્રસિદ્ધ છે. એ જ્ઞાતિમાં વેપાર રોજગાર તથા જાહેર સખાવતોની બાબતમાં ઘણુંએક કુટુંબોએ આગેવાની ભર્યો ભાગ લીધો છે, અને તેવા કુટુંબોને ભાટીઆ જ્ઞાતિમાં શેઠીઆ તરીકે ઓળખવામાં આવે છે. શેઠ ઠાકરસી મુળજીનું કુટુંબ એ રીતે બહુ જુના વખતથી શેઠીઆ તરીકે જાણીતું થયું છે. તે કુટુંબ પૈકી એકે એક પુરૂષ જાહેરમાં કંઈને કંઈ નામના કરી ગયા છે. એ નામીચા કુટુંબમાં શેઠ હંસરાજ નો જન્મ સંવત્ ૧૯૩૬ ના પોષ શુદી ૧૫ ને મંગલવાર, ઈસ્વી સને ૧૮૮૦ના જાનેવારીની ૨૭ મી તારીખે શ્રી મુંબઈ મધ્યે તેઓના કાલકાદેવી ઉપર આવેલી હનુમાન ગલીવાળાં કુટુંબિક ઘરમાં થયો હતો.

કોઇએક મહાપુરૂષે અમુક સમયે અમુક અર્થ પ્રાપ્ત કીધો અને અમુક પ્રસંગે અમુક પ્રકારની લોકસેવા બજાવી એટલા પુરતું વર્ણન લખી જવાથી જીવન ચરિત્રો લખવાની નેમ સચવાતી નથી. પરંતુ તે તે મહાપુરૂષમાં વિલક્ષણ શકિતઓ અને ગુણો કેવા પ્રકારના હતા અને તે શકિતઓ તથા ગુણોનો વ્યવહારમાંના દરેક પ્રસંગે તેમણે કેવો ઉપયોગ કર્યો તે સ્પષ્ટ દેખાડીને જીજ્ઞાસુ વાચક વર્ગને માટે સમયને અનુકુળ વર્તન કરવાનો માર્ગ સુગમ

કરી આપવો એવી ખાસ નેમથીજ જીવન ચરિત્રો લખાવાં જોઈએ. એવાં જીવન ચરિત્રો વડે, લેખક તથા તેનો લેખ તેમજ તે લેખમાંનો ચરિત્ર નાયક, એ ત્રણે, જગતમાં અમર થયા છે.

પવિત્ર અને શ્રીમંત કુટુંબમાં જન્મ લેવો એ પણ પૂર્વ જન્મનાં સુકૃતનું ફળ છે. એવા કુટુંબમાં જન્મ લેનાર નરને, એક તો પૂર્વ જન્મનો બુદ્ધિયોગ પ્રાપ્ત થયો હોય છે જ; અને તે સાથે તેનામાં બચપણથીજ સુસંસ્કારો આવીને વસે છે, એટલે, પરિણામે તે નરનું જીવન ચરિત્ર કંઈક વિલક્ષણ પ્રકારે શોભિ રહે છે. એ રીતે આ શ્રીમાન્ કુટુંબમાંના કયા કયા શુભ ગુણો શેઠ હંસરાજમાં ઉતરેલા છે તે બતાવવાને ખાતર આખા કુટુંબનો ટુંક ઈતિહાસ અત્રે આપવો એ અનુચિત નહિ ગણાય.

પશ્ચિમ સમુદ્રને કિનારે હિંદુઓના પવિત્ર ધામ દેવ-દ્વારિકાની પાસે વરવાળા નામે એક નાનું ગામ છે. જુના કાળમાં વાઘેર એટલે કાબા લોકોના રાજાની એ રાજધાની હતી. જામ ખંભાળિયાના ભાટીઆ શેઠ દયાળ ખીમજીનાં પત્નીનો સ્વર્ગવાસ થવાથી તેમના બાળક પુત્ર શેઠ આડત દયાળ સંવત્ ૧૮૦૫ માં દશ વર્ષની વયે પોતાના મોસાળ શ્રી વરવાળામાં આવીને રહ્યા. મોટા થયા બાદ કેટલાએક પરચુટણ રોજગાર કીધા પછી સંવત્ ૧૮૪૦ માં તેઓ મસ્કત બંદર તરફ વેપાર અર્થે સિધાવ્યા. એ સમયમાં વહાણની મુસાફરી બહુજ જોખમ ભરેલી હતી. આખા પશ્ચિમ સમુદ્રમાં ચાંચિયાંની લૂંટફાટથી ત્રાસ વર્ત્તી રહ્યો હતો. પોર્ટુગીઝ, અંગ્રેજ અગર પેશ્વાના કાફલા એ ચાંચિયાને પુરેપુરા વશ રાખી શકતા નહિ. એવા ભયપ્રદ સમયમાં પણ ભાટીઆ વેપારીઓ આફ્રિકા

અને અરબસ્તાનનાં બંદરો સુધી ધમધોકાર વેપાર ખેડતા. સાંભલવામાં આવ્યું છે કે આજથી સવા ચારસો વરસ ઉપર હિંદુસ્તાનમાં આવનાર પોર્ટુગીઝ કપ્તાન વાસ્કો ડિ ગામાને દક્ષિણ આફ્રિકામાંથી કલીકટ બંદર સુધીનો રસ્તો દેખાડનાર વેપારી તે ભાટીઆ જ્ઞાતિનોજ કોઇક પુરૂષ હતો. શેઠ આડતના પુત્ર શેઠ મુળજીએ પણ પરદેશનોજ વેપાર ખેડયો અને શેઠ મુળજીના પુત્ર શેઠ ઠાકરસી અઢાર વરસની વયે પિતાની પરવાનગીથી સ્વતંત્ર રોજગાર ચલાવવા માટે સંવત્ ૧૮૬૩ એટલે ઇસ્વી સને ૧૮૦૭ માં ત્રણ હજાર કોરીની કીમતનો માલ એક વહાણમાં ભરીને શ્રી મુંબઇ બંદરે આવ્યા. એ રીતે આ કુટુંબનો મુંબઈ શહેરમાં પ્રથમ પ્રવેશ થયો.

શેઠ ઠાકરસીએ પ્રમાણિકપણું ખંત અને સાહસથી મુંબઈમાં પોતાનો રોજગાર કેવી રીતે જમાવ્યો તથા લોકોપયોગી કામોમાં કેવી રીતે આગેવાની લીધી તે તેમના જીવન ચરિત્રમાં વિગતવાર દર્શાવેલી છે; વળી તેમના પુત્રો શેઠ દામોદર, શેઠ ગોવિંદજી તથા શેઠ પ્રાગજીએ પોતાના રોજગારને આગળ વધારીને તેને મક્કમ પાયા ઉપર કેવી રીતે મુકયો તથા રાજકિય, સામાજીક અને વિદ્યા વૃદ્ધિનાં કાર્યો વડે કેવા પ્રકારે જન-સેવા બજાવી તેની હકીકત શેઠ દામોદર તથા શેઠ ગોવિંદજીનાં જીવન ચરિત્રોના સ્વતંત્ર ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે તેમાંથી વિગતવાર જાણી શકાય છે.

શ્રીપ્રમાણસહસ્ત્રી ગ્રંથના કર્ત્તા **શેઠ પ્રાગજી ઠાકરસી મુલજીનું જીવન ચરિત્ર** મજકુર પુસ્તકની શરૂઆતમાં સંક્ષેપમાં આવેલ હોવાથી આ જીવન ચરિત્રમાં વિસ્તારથી દર્શાવેલ છે.

ભાટીઆ જ્ઞાતિના હિત અર્થે આ કુટુંબે વખતો વખત જેટલું જેટલું કરેલું છે તેની બરોબરી બીજું કોઈપણ કુટુંબ હમણાં કરી શકે તેમ નથી. તેમણે જે કંઈ લોકહીતના કાર્યો કરેલાં છે તે બધાં શુદ્ધ પ્રેમપૂર્વક કરેલાં છે જેથી દેશપરદેશે આ કુટુંબ મશહૂર થયેલું છે.

શેઠ હંસરાજના વિદ્યા વિલાસી પિતા શેઠ પ્રાગજી તે ભાગ્યશાળી શેઠ ઠાકરસી મુળજીના ચોથા પુત્ર થાય. શેઠ પ્રાગજીનો જન્મ સંવત્ ૧૯૦૬ ના ચૈત્ર વદી ૩ ને દિવસે તેઓના વતન શ્રીવરવાળામાં થયો હતો. ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃત ભાષાનું શિક્ષણ મેળવ્યા પછી તેઓ પોતાના વડિલ ભાઈઓની સાથે રોજગારમાં જોડાયા. તે વખતે તેમની પેઢીના તાબામાં (૧) હિંદુસ્તાન મિલ, (૨) ઈન્ડીયન મિલ, અને (૩) વેસ્ટર્ન ઇન્ડીયા મિલ મળી ત્રણ મિલોની એજન્સી હતી; તથા આખા હિંદુસ્તાનનું સૌથી મોટું કાપડ બજાર જે મુંબઈમાં "મુળજી જેઠા મારકીટ" એ નામથી ઓળખાય છે તેમાં તેમની પેઢીએ સારો હિસ્સો રાખ્યો હતો. વહીવટના કામમાં સર્વે ભાઈઓએ કામકાજની વહેંચણી કરી લીધી હતી. પોતાનું એ કામ સંભાળી લેવા ઉપરાંત ઘણોએક વખત બચાવીને શેઠ પ્રાગજી સંસ્કૃત વિદ્યાની વૃદ્ધિ કરવામાં એ વખતનો ઉપયોગ કરતા. અધ્યાત્મ જ્ઞાનમાં તેમનું મન સદા સર્વદા લાગી રહ્યું હતું અને તે જ્ઞાનનો પ્રચાર લોકોમાં ફેલાવવા માટે તત્સંબંધી વિચાર વિદ્વાનોની સાથે એકાંતમાં બેસીને તેઓ વારંવાર ચલાવતા હતા. શ્રીમદ્ભગવદ્ગીતાના તેરમા અધ્યાયમાં કહ્યું છે તે મુજબનું

તેઓનું વર્તન હતું.

मयि चानन्य योगेन भक्तिरव्यभिचारिणी ॥
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥ १० ॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ॥
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोन्यथा ॥ ११ ॥

સંસ્કૃત સાહિત્યમાં તેમણે વ્યાકરણ, પંચ મહાકાવ્ય, વેદાંત, ધર્મશાસ્ત્ર, જ્યોતિષ્શાસ્ત્ર, રસાલંકાર અને પિંગળનો ઉંડો અભ્યાસ કર્યો હતો. આખી ભગવદ્ગીતાનું દોહરામાં ભાષાંતર કરીને તેઓએ પ્રગટ કર્યું છે; વળી અનેક સંસ્કૃત ગ્રંથો અને શાસ્ત્રોમાંથી સાર તારૂવી કાઢીને "શ્રી પ્રમાણ સહસ્રી" નામે આ સમર્થ સંસ્કૃત ગ્રંથ ગુજરાતી ભાષાંતર સાથે તેઓએ બહાર પાડયો. એ ગ્રંથ એમની સૂક્ષ્મ બુદ્ધિનો એક મહાન્ કીર્ત્તિસ્તંભ છે. મોટા મોટા વેપારમાં ગુંથાયલી ભાટીઆ જ્ઞાતિમાં એમના સમાન સંસ્કૃત સાહિત્યના પ્રેમી આજ સુધી કોઈ થયા નથી, એટલું જ નહિ પણ આખા ગુજરાતના વિદ્વાન્ વર્ગમાં તેઓને ઊંચી પદવી આપી શકાય તેમ છે. ધર્મને નામે સ્વાર્થી ગુરૂ તથા બ્રાહ્મણોએ ધતીંગ ચલાવીને હિંદુ સંસારમાં જે ગુંચવાડો કરી મૂકયો છે તેને લીધે એ દયાળુ પુરૂષના હૃદયમાં ઊંડું દુઃખ થતું હતું અને એટલા માટે સાચો ધર્મ શું છે અને કયો માર્ગ ગ્રહણ કરવાથી સંસારી જીવોનું કલ્યાણ થાય તેની શોધ ખોળ કરીને તત્સંબંધી જ્ઞાન લોકોમાં ફેલાવવા સારૂ તેમણે "સદ્ધર્મોદ્ધારક" સભા સ્થાપન કરી હતી, તથા "ભારતાર્થપ્રકાશ" નામે માસિક પ્રગટ કરીને મહાભારત તથા વાલ્મિકી રામાયણ અને બીજાં શાસ્ત્રોનાં ભાષાંતર કર્યાં હતાં. માસિક પત્ર દ્વારા સંસ્કૃત ગ્રંથોનું ભાષાંતર ગુજરાતી ભાષામાં પ્રગટ

કરવાનું સૌથી પહેલું માન એ શ્રીમાન્ ખાટી ગયા છે. વળી "શ્રી પ્રમાણ સહસ્રી" નો સુશોભિત મ્હોટો ગ્રંથ જીજ્ઞાસુ વર્ગને સુલભ્ય થાય તેટલા સારૂ એક મોટી રકમ અલગ કાઢીને તેના વ્યાજમાંથી વારંવાર તે ગ્રંથ છપાવી, વિદ્વાનો, વિદ્યાર્થીઓ તથા અન્ય જીજ્ઞાસુ જનોને મફત વહેંચી આપવાની ચિરસ્થાયી યોજના કરી ગયા છે. એ યોજનાને તેમના અનુરૂપ પુત્રરત્ન શેઠ હંસરાજે વધારે બહોળા પાયા ઉપર મૂકી છે. આપણી આર્ય ભૂમિના બલ્કે આખી દુનિયાના મહાન્ ગણિતવેત્તા શ્રી ભાસ્કરાચાર્યે ખગોળ વિદ્યાના સંબંધમાં જે જે શોધ ખોળ કીધી હતી તેની ઘણીજ રસિક બિના આ ગ્રંથમાં દર્શાવેલી છે. તે ઉપરથી જાણી શકાય છે કે આજથી શુમારે અઢી હજાર વર્ષ ઉપર મહાન્ શ્રી ભાસ્કરાચાર્ય ખગોળ વિદ્યાના મૂળ તત્ત્વો વિષે જે કંઇ જાણતા હતા તેમાં અનેક પાશ્ચિમાત્ય વિદ્વાનો પછવાડેથી બહુ મોટો ઉમેરો કરી શક્યા નથી. વળી શેઠ પ્રાગજીએ પોતે પણ ખગોળનું અવલોકન કરવા સારૂ એક મોટી દૂરબીન વિલાયતથી મંગાવીને પોતાના મહાલક્ષ્મી ખાતેના બંગલામાં ગોઠવી હતી. એ વખતમાં ખગોળ શાસ્ત્ર પ્રત્યે એમના જેવી અભિરૂચિ ભાગ્યેજ બીજાઓને થઇ હશે. એ વિદ્વાન્, વિદ્યાવિલાસી, અને વિદ્યોત્તેજક નરરત્નનો સ્વર્ગવાસ ભર જુવાનીમાં એટલે સાડત્રીસ વર્ષની વયે સંવત્ ૧૮૪૩ ના વૈશાક વદી ૧૪ ને શનિવારે મુંબઇ મધ્યે થયો. જો તેઓ વધુ જીવ્યા હોત તો સંસ્કૃત વિદ્યાનો એથી પણ વધારે પ્રચાર તેમના હાથથી થયો હોત.

શેઠ હંસરાજનાં માતુશ્રી અ૦ સૌ૦ પ્રેમકુવર ઉર્ફે પ્રેમાબાઇ તે શેઠ પ્રાગજીનાં બીજાં ધર્મપત્ની હતાં. માતપિતાનું સુખ શેઠ હંસરાજે લાંબો વખત ભોગવ્યું નથી. એમના પવિત્ર અને ગંગા-

સ્વરૂપ માતુશ્રીની યાદગારી ચીરકાલ શુધી રહે એવા શુભ હેતુથી શેઠ હંસરાજે ગુજરાત મધ્યે આવેલા જલાલપુર તાલુકાના મંદીર ગામમાં રૂ. ૭૫૦૦) ના ખરચે એક બોરડીંગનું મકાન નીરાશ્રીત બાળકોને માટે બંધાવી આપ્યું છે. માતુશ્રીએ તેમને દશ દિવસના તથા પિતાશ્રીએ તેમને છ વર્ષની વયના છોડયા હતા. ત્યાર પછી તેઓ તેમના વડિલ કાકા શેઠ નારાણદાસને ત્યાં આવી રહ્યા. જુની હનુમાન ગલીમાં આવેલી માસ્તર મોહનલાલ ધરણીધર ખાનગી નિશાળમાં ગુજરાતી અભ્યાસ પૂરો કરીને સને ૧૮૯૦ માં તેઓ ફોર્ટ હાઈ સ્કૂલમાં દાખલ થયા, અને તે પછી સને ૧૮૯૫ થી તે સને ૧૮૯૭ સુધી ન્યુ હાઇ સ્કૂલમાં રહીને તેમણે મેત્રિકયુલેશન સુધીનો અભ્યાસ કર્યો. સને ૧૮૯૭ ના ડિસેંબર માસની ૨૬ મી તારીખે એટલે સંવત્ ૧૯૫૪ ના માગસર વદી ૭ ને ગુરૂવારના શુભ દિવસે શેઠ પ્રેમજી જીવણના ભત્રિજા શેઠ જીવરાજ હરજીવનની પુત્રી સૌ૦ સુંદરબાઈ સાથે તેમનું લગ્ન થયું તે વખતથી તેઓ તેમના વડિલ કાકા શેઠ ગોવિંદજીની પાસે આવી રહ્યા. ભાટીઆ જ્ઞાતિ પ્રત્યે શેઠ ગોવિંદજીનો ચાહ અગાધ હતો. એવોજ ચાહ શેઠ હંસરાજમાં રગેરગ ઉતર્યો છે. નાનો મોટો કોઇપણ માણુસ શેઠ ગોવિંદજી પાસે બેધડક જઇને પોતાનાં સુખદુઃખની વાત કરી શકતો અને શેઠ ગોવિંદજી તરફથી હરહમેશ જોઈતી મદદ મેળવી શકતો. એજ ગુણુ શેઠ હંસરાજમાં મુખ્ય અંશે જોવામાં આવે છે. શેઠ ગોવિંદજીના હાથ નીચે કેળવાયાથી તેઓના ઘણા એક અનુપમ ગુણોનું શેઠ હંસરાજે અનુકરણ કર્યું છે. ગમે તેવી અટપટી ભાંજગડમાંથી સત્ય શું છે તે તારવી કાઢવાની તીવ્ર શક્તિ શેઠ ગોવિંદજીમાં હતી; આવીજ જાતની તીવ્ર પરખ-શકિત તરૂણુ

વયથીજ શેઠ હંસરાજમાં જોવામાં આવે છે. તેઓ માત્ર વીસ વરસની વયના હતા તે વખતે કોઇપણ ગ્રંથના સારાસારની તેમની પરીક્ષક શક્તિ બાબે એક લેખકે લખ્યું હતું કેઃ—

મનહર.

ઋગ્ , રઘુ, શાકુન્તલકે ગીતાનું ગાન શૂણી,
ખગોળ, ભૂગોળ, માંહિ પ્રીત કો પ્રમાણશે;
ભૂંગળાં ફૂકેલ ભાળી, બીજા જ્યારે વાત ઠાલી,
કાલી કવિતા સૂણીને, આનંદ કો આણશે;
લેખનના ભેદ કેવા, જે ન શકયા જાણી એવા—
નિજ સ્તુતિ સાંભળીને મોજ કોઇ માણશે;
ગ્રંથના અથાગ થોક એમ ઊભરાઈ રહ્યા,
દૂધ—પાણી જૂદાં તેતો હંસ કરી જાણશે !

પિતાશ્રીની પેઠે તેઓ વિદ્યાવિલાસી અને વિદ્વોત્તેજક છે. તેમના બંગલામાં એક વિશાળ પુસ્તકાલય છે. વળી તેમને ત્યાં દેશ-પરદેશના વિદ્વાનો અને શાસ્ત્રીઓ વારંવાર આવેજાય છે, જેમની સાથે તેઓ ઘણીવાર વિદ્વત્તા ભરી ચર્ચામાં રસભેર ભાગ લેછે. અનેક વિદ્યાર્થીઓને તેઓએ અભ્યાસને માટે સગવડ અને સાધનો કરી આપ્યાં છે. તેઓએ વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવા માટે અમુક રકમ જુદી કાઢી છે. જેમાંથી તેઓ ગરીબ—યોગ્ય અને મદદ કરવા લાયક વિદ્યાર્થીઓને મદદ આપે છે. એમની આ સખાવત પ્રાથમીક, માધ્યમીક, ઉંચ કેલવણી, તેમજ હુનર ઉદ્યોગની કેળવણી લેતા વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચી આપવામાં આવે છે.

વળી ખુશી થવા જેવું છે કે ઉંચ કેળવણી યુરોપ, અમેરીકા, લેવા જતા વિદ્યાર્થીઓને પણ યોગ્ય મદદ તેઓ કરતા આવ્યા છે. પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે, મુંબઈ યુનિવર્સિટીને રૂપિયા દશ હજાર સુપ્રીત કરીને બી. એ. ની પરીક્ષામાં સાયન્સના વિષયમાં પેહેલો નંબર મેળવનારને એક સ્કોલરશીપ તેઓના તરફથી આપવામાં આવે છે. "શ્રી પ્રમાણુ સંહુસ્રી" ગ્રંથની વાંટણી, વિદ્વાનો, વિદ્યાર્થીઓ અને જીજ્ઞાસુ જનોમાં મફત કરી શકાય તેટલા સારૂ રૂપિયા ત્રીસ હજાર જૂદા કાઢેલા છે જેના વ્યાજમાંથી તે ગ્રંથ દર ત્રીજે વર્ષે પ્રગટ કરવામાં આવે છે. પુના શહેરનાં સેવા સદન તરફથી પ્રત્યેક ગામડામાં એક સ્રી શિક્ષક તથા સ્રી દાકતર મોકલવાની જે યોજના ઘડાયેલી છે તેના ફંડમાં શેઠ હંસરાજે રૂપિયા પાંચ હજાર ભર્યા છે તથા રૂપિઆ પાંચ હજાર "સર્વન્ટસ ઓફ ઈન્ડીઆ" સોસાઈટીને અર્પણ કરેલ છે. તે સિવાય રૂપિયા પાંચ હજાર "હોમ રૂલ લીગ"માં આપીને સ્વદેશ સેવાની પોતાની લાગણી વ્યક્ત કરી છે.

લોકહિતને ટેકો આપનારી રાજદ્વારી બાબતોમાં પણ શેઠ હંસરાજ સારો ભાગ લેછે. કલકત્તા, મદ્રાસ, બનારસ, અને મુંબઈ તેમજ નાગપુર મધ્યે ભરાયલી છેલ્લી નેશનલ કોંગ્રેસની બેઠકોમાં તેઓ ડેલીગેટ તરીકે ચૂંટાયા હતા. ઈસ્વી સને ૧૯૧૯ની મુંબઈની કોંગ્રેસ વખતે તેઓ રિસેપ્શન કમીટીના સભાસદ હતા, અને ડેલીગેટોના હરેક પ્રકારના સ્વાગત માટે ઉભે પગે રહેતા. તેમજ કોંગ્રેસના પ્રમુખ **સર સત્યેન્દ્રપ્રસન્ન સિંહ**ને આવકાર દેવા માટેના સરઘસની યોજના તેઓએજ ઘડી હતી. એ સરઘસ એટલું તો મનોહર અને ઉલટમંદ નીવડ્યું હતું કે મુંબઈ નગરીએ પોતાને

આપેલા માનબદલ કોંગ્રેસની સમાપ્તિના ભાષણમાં હૃદયની ઊંડી લાગણીથી ઉભરાતાં વચનો પ્રમુખે જોસ ભેર ઉચ્ચાર્યાં હતાં. એ શિવાય ખાનગીમાં તો તેઓ એ માન માટે થોડા થોડા થઈ ગયા હતા એમ સાંભળ્યું છે. જે જે કાર્યો શેઠ હંસરાજ ઉઠાવે છે તેમાં તેઓ આરંભથી અંત સુધીની દરેક વિગત ઉપર જાતિ-લક્ષ આપે છે. આ ગુણ તેમનાં કુટુંબના દરેક પુરૂષમાં જોવામાં આવ્યો છે.

સને ૧૯૧૮ ની મુંબઈની **ખાસ કોંગ્રેસ** ભરવાનું કામ મતભેદને લીધે બહુજ અટપટું થઈ પડ્યું હતું. શેઠ હંસરાજ એ કોંગ્રેસના એક જોડીઆ–સેક્રેટરી હતા અને કોંગ્રેસની બેઠકને ફતેહમંદ કરવામાં તેમણે પૂરી મહેનત લીધી હતી. એ શિવાય, તેઓ 'બોમ્બે પ્રેસિડન્સી એસોસિયેશન', 'પ્રોવિન્સિયલ કોંગ્રેસ કમિટી', અને 'હોમરૂલ લીગ' જેવી લોકહિત જાળવનારી સંસ્થાઓના સભાસદ તરીકે હમેશાં આગળ પડતો ભાગ લે છે.

શેઠ હંસરાજને રમત-ગમત અત્યંત વહાલી છે. હિંદુ જીમખાનાના તેઓ એક આગેવાન મેમ્બર છે તથા પોતે લૉન-ટેનિસનો અચ્છો શોખ ધરાવે છે. વળી તરવાનો શોખ તો એટલો બધો છે કે સ્વિમિંગ બાથમાં તેઓ સખત ઠરડતી ઠંડીમાં પણ હમેશાં તરવા સારૂ જાય છે. ઘરમાંની અનેક રમત ગમતમાં પણ તેમની સારી નજર પહોંચે છે. શેત્રંજની રમતમાં પણ તેઓ કુશલ છે સંગીત, શિલ્પકળા અને ચિત્રકળા જેવી કળાઓમાં પણ તેઓ સારી સમજ ધરાવે છે. પેડર રોડ ઉપર પોતાને રહેવાના **સુંદર-વિલાસ** નામના કુશાદે બંગલાના ડ્રોઈંગ રૂમની છતમાં શ્રી વિષ્ણુ ભગવાનના દશ અવતારનું સિમેન્ટનું જે કોતરકામ મોટે ખરચે એઓએ કરાવ્યું છે તે શિલ્પકળાનો એક નાદર નમુનો છે.

કેટલાંએક સારાં ધર્માદા ખાતાના શેઠ હંસરાજ ટ્રસ્ટિ છે અને કેટલાંએક ખાતાં તેમણે પોતે સ્થાપેલાં છે. તેઓના માતુશ્રી ચોથીબાઈનાં પૂણ્યાર્થે કાઠીયાવાડ પ્રાંતમાં આવેલ **જુનાગઢ** રાજ્યના ગિરનાર પર્વત ઉપર પથ્થરચટ્ટિમાં રૂ. ૩૦,૦૦૦ થી એક સદાવ્રત ઉઘાડયું છે. **રતલામ જંકશન** ઉપર શેઠ રણછોડદાસ પ્રેમજીના ટ્રસ્ટી તરીકે એક સુંદર ધર્મશાળા બંધાવી છે જે **શ્રી નાથદ્વારા** તથા **શ્રી મથુરાંજી**ના જાત્રાળુઓમાં બહુ લોકપ્રિય થઈ પડી છે. શેઠ હંસરાજના સ્વર્ગવાસી કાકા શેઠ ગોવિંદજીના સ્મરણાર્થે ગરીબ ભાટિઆ ભાઈઓ માટે જે ગૃહ મુંબઈમાં ગીરગામ બેકરોડ ખાતે બાંધવામાં આવ્યું છે તેના શેઠ હંસરાજ મેનેજીંગ ટ્રસ્ટિ છે. શેઠ ગોવિંદજીની મિલ્કતની વારસ પુત્રીઓ **અ૦ સૌ૦ બેન મોંઘીબાઈ** તથા **અ૦ સૌ૦ બેન કેસરબાઈ** બેઉ ઘરનાં સુખી હોવાથી શેઠ ગોવિંદજીની અમુક મિલ્કત પુણ્યાર્થમાં આપી દેવાની ઉદાર ઈચ્છા બંને બ્હેનોએ દેખાડી તે વખતે આ ગૃહ બાંધવાની સૂચના શેઠ હંશરાજે કરી હતી, અને તેને પોતાની જાતિદેખરેખ નીચે આશરે રૂપિઆ પોણા બે લાખને ખર્ચે બંધાવીને સને ૧૯૧૦ માં મુંબઈના ગવર્નરના હાથથી ખુલ્લું મુકાવ્યું છે. માત્ર નામનું ભાડું આપીને સાધારણ સ્થીતિના ભાટીઆ કુટુંબો એમાં વસે છે. એવા ૪૫ કુટુંબોનો તેમાં સમાવેશ થાય છે. એ મકાન ચારે તરફથી ખુલાવટવાળા સરિયામ રસ્તાના મધ્યભાગે આવેલું છે. હવા, અજવાળું તથા ખુલાવટને માટે આવું કુશાદે મકાન મુંબઈના ઘીચ વસ્તી વાળા લત્તામાં ભાગ્યેજ જોઈ શકાશે. દરેક કુટુંબને એટલી જગા પૂરી પાડવામાં આવે છે કે સાધારણ સમયમાં પણ તેનું માસિક ભાડું ધાર્યા કરતાં વિશેષ ઉપજી શકે. શેઠ હંસરાજ પોતે લગભગ

હમેશાં આ મકાનની મુલાકાત લઈને તેમાં વસનારા ભાઈઓની તંદુરસ્તી તથા સુખાકારી માટે જાતિ દેખરેખ રાખે છે.

પિતાશ્રીની પેઠે તેઓમાં ધર્મશ્રદ્ધા પણ રૂડી રીતે છે. હંમેશાં પ્રભાતિ નિત્યકર્મ કર્યા બાદ તેઓ એક વિદ્વાન શાસ્ત્રીપાસે નવું નવું શાસ્ત્રાધ્યયન કરે છે. જો કે ઉપરનો આડંબર તેઓ બિલકુલ નથી રાખતા પરંતુ અંદરની તેમની ઇશ્વર શ્રદ્ધા અનુપમ છે. શ્રી નાથદ્વારાના મંદિરખાતે તેમણે રૂપિયા પાંચ હજારને આશરે વાપર્યા છે, તથા મુંબઈમાં સંવત ૧૯૭૩ ના અધિક માસમાં શ્રીમદ્ ભાગવતની અષ્ટોત્તર શત (૧૦૮) સપ્તાહ—પારાયણ બેસાડી વિદ્વાન્ પુરાણીઓનું રૂડી રીતે સન્માન કરી રૂપિઆ પંદર હજાર જેટલી રકમ વાપરી હતી. તેમનાં પત્ની અ૦ સૌ૦ સુંદરબાઇ એજ રીતે હંમેશાં નિત્યકર્મ કરી ઈશ્વર ભક્તિ અને ઈશ્વર કથામાં પોતાનો કાળ વ્યતીત કરે છે. એવા શ્રદ્ધાળુપણાને લીધે તેઓમાં દયાનો ગુણ બહુ ઉંચે દરજ્જે ખીલેલો છે.

વિદ્યાનાં, ધર્મનાં, પરોપકારનાં, રાજકીય તેમજ રમત ગમતનાં આવાં કાર્યોમાં હમેશાં પરોવાયા છતાં પોતાની પેઢીના બહોળા વહીવટ ઉપર શેઠ હંસરાજ કેવું બારીક ધ્યાન પહોંચાડે છે તે જાણવું ખરેખર રમુજી થઈ પડશે. આગળ જણાવેલી ત્રણ મીલો અને કાપડ મારકીટ ઉપરાંત સને ૧૯૧૯ ના અકટોબર મહિનામાં શેઠ હંસરાજે પોતાના મિત્ર અને સુપ્રસિદ્ધ શહેરી શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી સાથે જોડાઇને "ધી ડાયમંડ સ્પીનીંગ એન્ડ વીવીંગ મીલ લીમીટેડ" નામની એક કુંપનીરૂા. ૫૧,૦૦૦૦૦) ની થાપણ સાથે ઉભી કરી છે; જે સાહસ હાલના સંજોગો જોતા

ઓછો ધન્યવાદને પાત્ર ગણાશે નહિ. એ મીલો વરસ એકમાં કુલે પચાસ હજાર ગાંસડી રૂ ખાય છે. રૂની ખરીદીનો શ્રી મુંબાઈનો તથા દેશાવરનો તમામ વહીવટ શેઠ હંસરાજની નજર નીચે ચાલે છે. રૂની પારખમાં તથા હિસાબની ગણત્રી અને પડતર કાઢવામાં તેઓ ઘણાજ કાબેલ છે. તે ઉપરાંત ઑફિસનું સઘળું કામ તથા નાણાં સંબંધી બધો વહીવટ તેઓએ ઉપાડી લીધો છે. ઓછામાં ઓછા દરરોજ દશ કલાક તેઓ ધંધા રોજગારના કામ ઉપર ધ્યાન આપે છે. કામકાજ ઉપર સખ્ત મેહેનત લેતા જોઈને એક અવલોકનકારે એક વખત કહ્યું હતું કે મુંબઇના આવા શેઠીઆઓનું આયુષ્ય ઇશ્વરે ત્રણસો વરસનું કરી આપવું જોઇએ!

દેશ પરદેશના નવા બનાવ અને નવા સમાચાર તેમજ દુનિયામાંનું નવું નવું જાણવાની ઉમેદથી તેઓ મુંબઇમાં મલી શકતાં લગભગ તમામ અંગ્રેજી તથા ગુજરાતી રોજીંદા, અઠવાડિક અને માસિક પત્રો વાંચી જાય છે. વળી તેઓ ઓરિઅંટ કલબ, હિંદુ મરચંટસ કલબ અને વિલીંગ્ડન સ્પોર્ટસ કલબના સભાસદ છે. તે ઉપરાંત મુંબઈની **"ધી ઈન્ડીઅન મરચંટસ ચેમ્બર અને બુરો"**ના સભાસદ તરીકે વેપાર રોજગારનાં હિતમાં જ્યારે તક મળે તેવારે ઉપયોગી સૂચનાઓ કરવા ચૂકતા નથી. શેઠ હંસરાજ ગએ વર્ષે ધી "ઈન્ડીઅન મરચંટ ચેમ્બર અને બુરો" ના પ્રતિનીધી તરીકે, મુંબઇના **"પોર્ટ ટ્રસ્ટ"**ના એક સભાસદ તરીકે ચુંટાયા હતા અને ચાલુ સને ૧૯૨૦-૧૯૨૧ ને માટે એ મંડલના **વાઈસ પ્રેસીડંટ** તરીકે ચુંટી કઢાયા છે. સને ૧૯૧૯ના ઓગષ્ટ માસમાં **મુંબઈ શેહેરના** "ઈ" વોર્ડ તરફથી **મુંબઈની મ્યુનીસીપલ કોરપોરેશનના સભાસદ** તરીકે ચુંટાયા હતા. આ

કોરપોરેશનમાં ૭૨) સભાસદો છે તેમાં શેઠ હંશરાજ આગેવાન ભર્યો ભાગ લે છે અને પ્રજાકીય સવાલો ઉપર હમેશાં પોતાની બુદ્ધી અને શક્તિ અનુસાર પ્રજા પક્ષે રહી સ્વતંત્ર લડત ચલાવતા રહ્યા છે.

આ લેખના ચરિત્ર નાયકે અનેક દિશાઓમાં સખાવતો કરી છે જે લગભગ રૂ. ૪,૦૦૦૦૦) સુધી થવા જાય છે જેમાંની મુખ્ય નિચે જણાવેલી છે.

રાજકીય અને હુનર ઉદ્યોગ.

રૂપીઆ.

૫૦૦૦	પુનાની સર્વન્ટ ઓફ ઇંડીઆ સોસાયટીને.
૫૦૦૦	મુંબઇની હોમરૂલ લીગને.
૧૦૦૦	હીન્દુસ્તાનના પ્રધાન મી૰ ઇ. એસ. મોન્ટેગ્યુનું બાવલું મુંબઈમાં ઉભું કરવાના ફંડમાં.
૧૦૦૦	પંજાબના જલીઆનવાલા અને તેની આસપાસના લોકોમાં ફેલાયલા સંકટ વખતે લોકોને મદદ કરવાના ફંડમાં.
૭૦૦	મી૰ બી. જી. હોર્નીમેનના સંબંધમાં મદદ કરવાના ફંડમાં.
૫૦૦	ટ્રાન્સવાલના લોકોને મદદ કરવાના ફંડમાં.
૩૦૦	સને ૧૯૧૮ ની મુંબઇમાં મળેલી ખાસ હીંદી રાષ્ટ્રીય પરિષદના ફંડમાં.
૨૫૦	મુંબઇની હોમરૂલ લીગ વોલન્ટીઅર કોર ફંડમાં.

૨૫૦ પંજાબના જલીઆનવાલા બાગના ફંડમાં.

૧૦૦ સત્યાગ્રહ સભા ફંડમાં.

૧૦૦ અલ્હાબાદમાં મી૦ સુંદરલાલે કાઢેલા **"ભવિષ્ય વર્તમાન"** પત્રને મદદ કરવાના ફંડમાં.

૧૦૦ મુંબઇ ઇંડીઅન ઇંડસ્ટ્રીઅલ કોન્ફરન્સમાં.

૧૦૦ ઓલ ઇંડીઆ ટ્રેડ યુનીઅન કોન્ફરન્સમાં.

૧૦૦ ઓલ ઇંડીઆ રેલવે કોન્ફરન્સમાં.

કેળવણી.

૧૭૫૦૦૦ મુંબઈમાં એક આર્ટસ કોલેજ સ્થાપવા માટે આ રકમમાં જો મજકુર કોલેજ ઉભી નહીં થઇ શકે તો બીજા રૂા. ૨૫૦૦૦) વધારેની રકમ આપવા ખુશી બતાવી છે.

૩૦૦૦૦ સ્વર્ગવાસી શેઠ પ્રાગજી ઠાકરસી મુલજી રચિત **શ્રીપ્રમાણસહસ્ત્રી અને શ્રીમદ્ ભગવદ્ ગિતા** મજકુર રકમના વ્યાજમાંથી દર બે વરસે છપાવી. જીજ્ઞાસુઓને મફત આપવાના ખર્ચ માટે કાઢેલી અનામત રકમ.

૨૧૫૦૦ બનારસ હિન્દુ યુનીવરસીટીને.

૧૦૦૦૦ શેઠ પ્રાગજી ઠાકરસી મુલજી તથા શેઠ ગોવીંદજી ઠાકરસી મુલજી સ્મારક બી. એ. અને એમ. એ. માં સાયન્સની સ્કોલરશીપો સ્થાપન કરવા સારૂ મુંબઈ યુનીવરસીટીને આપવામાં આવ્યા છે.

૭૫૦૦ સુરત જીલ્લામાં આવેલા મંઢીર ગામમાં પોતાનાં માતુશ્રી બાઇ પ્રેમાબાઇ તે સ્વર્ગ૦ શેઠ પ્રાગજી ઠાકરસી મુલજીની ધર્મપત્નિની યાદગીરી અર્થે બોરડીંગના મકાન બંધાવવા માટે.

૭૦૦૦ રાજકોટ ભાટિઆ વિદ્યાર્થી ભૂવન બાંધવાના ફંડમાં.

૨૦૦૦ શ્રી ઓખા મંડળના રહીસોમાંથી જેઓ હાઈસ્કુલના છઠા તથા સાતમાં ધોરણનો અભ્યાસ કરવા ઇચ્છા ધરાવતા હોય તેઓને શેઠ પ્રયાગજી ઠાકરસી મુલજી અને શેઠ ગોવિંદજી ઠાકરસી મુળજીના નામથી મજકુર રકમના વ્યાજમાંથી સ્કોલરશીપો આપવા નામદાર ગાયકવાડ સરકારના કેળવણી ખાતાને આપવામાં આવ્યા છે.

૧૨૦૦ મુંબઇની ગોખલે એજ્યુકેશન સોસાયટીને.

૧૧૦૦ મુંબઈની ઇંડીઅન એજ્યુકેશન સોસાયટીને.

૧૦૦૦ ધી રાજાપુર હાઇ સ્કુલના ફંડમાં.

૧૦૦૦ મુંબઈના ભાટિયા બાળરક્ષક વિદ્યાલયને.

૧૦૦૦ સુરત આર્ટ કોલેજના ફંડમાં..

૧૦૦૦ બનારસ નેશનલ કોલેજ સ્થાપવા હા. મીસીસ એની બીસંટ.

૧૦૦૦ નાસીકના નૂતન મહારાષ્ટ્ર વિદ્યાપ્રસારક મંડલના ફંડમાં.

૧૦૦૦ પુનાની શિક્ષણ પ્રસારક મંડલીને કોલેજ બાંધવાના ફંડમાં.

૮૦૦ ભાવનગર દક્ષિણા મૂર્તિ સોસાયટીની સ્કુલના મકાન ફંડમાં.

૫૦૦ કવિવર્ય રવિન્દ્રનાથ ટાગોરની બોલપુરની શાંતિનિકેતન શાળાના ફંડમાં.

૫૦૦ નાશીકની ન્યુ ઇંગ્લીશ સ્કુલના ફંડમાં (મુલ રકમ કાયમ રાખી તેના વ્યાજમાંથી સ્કોલરશીપો આપવા માટે આપવામાં આવેલ છે.

૫૦૦ અલીગઢની મહોમેદન કોલેજ માટે હા. મૌલાના મહુમદઅલીને.

૪૦૦ કાનપોરની થીઓસોફીકલ સ્કુલના ફંડમાં.

૩૦૦ મુંબઇના હીંદુ એજયુકેશન ફંડમાં હા. ફંડના ત્રસ્ટીઓ.

૩૦૦ અમદાવાદના ગુજરાત કેલવણી મંડલના ફંડમાં.

૨૫૦ ભરૂચની એજ્યુકેશન સોસાયટીને.

૨૫૦ મુંબઈમાં નેશનલ એજયુકેશન ફંડમાં હા. મીસીસ એની બીસંટ.

૨૦૦ ચરોતર એજયુકેશનલ સોસાયટીના ફંડમાં.

૨૦૦ લાહોરની ડી. એ. વી. કોલેજને.

૨૦૦ રત્નાગીરી જીલ્લાના અમરા ગામના કેલવણી ફંડમાં.

૧૦૦ સુરત જીલ્લાના મંદીરગામની શાળાના ફંડમાં.

૧૦૦ મુંબઇની જેનાબાઇ માધવરાવ રોકડે ફ્રી સ્કુલ બીલ્ડીંગ ફંડ.

૧૦૦ સાંગલીની સીટી સ્કુલ બીલ્ડીંગ ફંડ.

૧૦૦ લાહોરની વિધ્યા સભાના ફંડમાં.

સ્ત્રી કેળવણી.

૫૦૦૦ સ્ત્રી શિક્ષણ તથા સ્ત્રીઓને વૈદક મદદ આપવાના ફંડમાં. મી૦ જી. કે. દેવધરને.

૧૧૦૦ સુરતના મહિલા વિદ્યાલયના ફંડમાં.

૧૦૦૦ સુરતના વનિતા વિશ્રામને બાઇ મોતીબાઈ તે શેઠ પ્રયાગજી ઠાકરસી મુળજીની છોકરીની યાદગીરી રાખવા.

૧૦૦ પ્રો૦ કર્વેના પુનાના આશ્રમની કન્યા શાળાના મકાન ફંડમાં.

૧૦૦ બોમ્બે પ્રેસીડેન્સી સોસીઅલ રીફોર્મ એસોસીએશનના સ્ત્રી શિક્ષણ ફંડમાં.

ધાર્મીક.

૩૦૦૦૦ સ્વર્ગ. બાઇ ચોથીબાઈ તે સ્વર્ગ. શેઠ પ્રયાગજી ઠાકરસી મુલજીનાં ધર્મપત્નિની યાદગીરી અર્થે જુનાગઢમાં આવેલા શ્રી ગીરનાર ઉપરની પત્થર ચત્તી વાળી જગ્યામાં મજકુર રકમના વ્યાજમાંથી અન્નક્ષેત્ર ચાલુ રાખવા માટે અનામત રાખેલી રકમ.

૧૫૦૦૦ સંવત્ ૧૯૭૩ ના અધિક ભાદ્રપદ માસમાં મુંબઇમાં શ્રીમદ્‌ભાગવત્‌ની અષ્ટોત્તર સત્‌પારાયણ બેસાડવામાં તેમાં ખર્ચાએલી રકમ.

૭૦૦૦ શ્રી વલ્લભી સંપ્રદાયના મંદીરોમાં જુદીજુદી વખતે આપવામાં આવેલી રકમ.

મુંગા જનાવર.

૧૮૦૦૦ સંવત્ ૧૯૭૬માં "વરવાળામાં" કેટલ કેમ્પ ઉઘાડેલી તેમાં ખરચાયેલી રકમ.

૧૭૫૦ શ્રી બેટ સંખોદ્ધારની ગૌશાળા ફંડ.

૧૧૫૦ અહમદનગર પશુ રક્ષક સંસ્થાને.

૧૦૦૦ મુંબઈની "હ્યુમેનીટેરીયન લીગને"

૧૦૦૦ સંવત ૧૯૬૮ માં વઢવાણ કેમ્પમાં ઉઘાડેલા કેટલ કેમ્પમાં.

૧૫૦ ગોંડળ પાંજરાપોળને.

સા મા જી ક.

૧૨૦૦ મુંબઈની સોસીયલ સર્વીસ લીગમાં (જુદા જુદા વખતે.)

૧૦૦૦ શ્રીમતિ જમનાબાઈ સક્કઇ મેમોરીયલ ફંડમાં. હા. મુંબઈની હીંદુ સ્ત્રી મંડળ.

૨૫૦ ડીપ્રેસડ કલાસીસ મીશન.

૧૦૦ વઢવાણ કેમ્પ સેવાસમાજ.

અનાથ અને નીરાધારને મદદ.

૨૦૦૦ અહમદનગરના અનાથાશ્રમ મકાન ફંડમાં.

૧૧૫૦ સુરત–મહાજન અનાથ બાળાશ્રમ ફંડમાં.

૧૫૦ વૃંદાવન ગુરૂકુળને.

૧૦૦ રાજકોટની શેઠ મોરારજી મંગળજી શ્રી ગૌડ બોરડીંગને.

૧૦૦ પારડીના બોરડીંગ ફંડ.

૧૦૦ નડીયાદના લલીતા વનિતા વિશ્રામ ફંડમાં.

સામાન્ય.

૧૦૦૦ નામદાર પંચમ જ્યોર્જ ગાદીપર આવતાં ઉભા થએલાં "અવર ડે" ફંડમાં.

૧૦૦૦ સંવત ૧૯૬૮ ના દુષ્કાળ માટે ઉભા થએલાં મુંબઈ ઈલાકાના ફંડમાં.

૭૫૦ સંવત ૧૯૭૬ ના દુષ્કાળ વખતે વરવાળાના દુઃખપીડીત મનુષ્યોને મદદ કરવાના ફંડમાં.

૫૦૦ મુંબઈની ભાગીરથી તળાવ ફંડમાં.

૫૦૦ સ્વર્ગ. માન્યવર શ્રીયુત્ ગોપાલકૃષ્ણ ગોખલેની યાદગીરી ફંડમાં.

૧૫૦ મુંબઈ ભૂલેશ્વર તળાવ સમરાવવાના ફંડમાં.

૧૦૦ કુંડલામાં ધર્મશાળા બાંધવાના ફંડમાં.

૧૦૦ મુંબઈની રેડીઅન્ટ કલબમાં.

૧૦૦ અમરેલીમાં દુષ્કાળ વખતે ફંડમાં.

૧૦૦ ઓરીસ્સા સંકટ નિવારણ ફંડમાં.

૧૦૦ બોટાદ દુષ્કાળ ફંડમાં.

એ સિવાય કેટલીક સંસ્થાઓને માસિક વાર્ષિક, મદદ આપવા ઉપરાંત દર માસે રૂા. ૫૦૦)ની રકમ યોગ્ય વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપવા માટે ખરચવામાં આવે છે.

છેવટના ઉપસંહાર અર્થે અમારે જણાવવાનું એજ કે વેપાર રોજગાર અને પરોપકાર માટે હિંદમાં પંકાયેલી જ્ઞાતિના એક સુપ્રસિદ્ધ કુટુંબના નરરત્ન શેઠ હંસરાજ પોતાની નાની ઉમરમાંજ અનેક શુભ ગુણો વડે પ્રકાશી રહ્યા છે. એ હકીકત ઉપરોક્ત ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ સમજાશે. અમારી ઇશ્વરપ્રત્યે પ્રાર્થના એ છે કે એ શેઠજીનું દીર્ઘાયુ જીવન હવે પછી અનેક લોક-સેવાના કાર્યમાં રચ્યું પચ્યું રહો. એમના જીવનનું એક વિલક્ષણ રહસ્ય સર્વ કોઇ મોટા માણસે અનુકરણ કરવા યોગ્ય છેઃ ખરેખર દુઃખી કોણ છે—મદદની ખરી આવશ્યકતા ક્યાં ક્યાં છે તે એઓ શેઠજી બરાબર પારખી કાઢે છે અને તે તે ઠેકાણે જાહેર યા ગુપ્ત મદદ તેઓ નિરંતર આપતા રહે છે. તે ઉપરાંત તેઓની ઉદારતા એટલી તો વિશાળ છે કે કોઇની રીતભાતથી નારાજ થવાનું તેમને કારણ મલે તો પણ દુઃખીનાં દુઃખો તરફજ ખ્યાલ કરી નારાજ કરનારની કસુરને તેઓ હંમેશાં દરગુજર કરે છે. એક મહાકવિએ કહ્યું છે કે :

असंविदानस्य ममेश संविदम्
तितिक्षितुं दुश्चरितं त्वमर्हसि ।
विरोध्य मोहात्पुनरभ्युपेयुषाम्
गतिर्भवानेवदुरात्मनामसि ॥

ભાવાર્થ:—હે શાણુઓના ઇશ મહારાજા! મૂર્ખ એવો જે હું તેનાથી થઇ ગયલી કસુરને દરગુજર કરવાને આપજ યોગ્ય છો કારણ કે મોહથી ભરમાઇને જેઓ આપને કચવાવે છે તે પાપીઓને ફરીથી માફી અને આશ્રય મળે તેવું આપજ એક આરામ-સ્થાન છો!

વળી આટલી સંપત્તિથી વિંટલાયલા છતાં, તેમનું અંતઃકરણ કેવી ત્યાગવૃત્તિ ધરાવે છે તે પણ છેવટમાં અમારે કહેવું જોઇએ. સંપત્તિ તેમનાં કુટુંબમાં સ્થિર થઈ ગયેલી છે છતાં હૃદયનાં ઊંડાણમાં તેઓ સંપત્તિના મોહથી મૂક્ત છે. પોતાના બહોલા રોજગારમાં જેવી ઝીણવટથી તેઓ લક્ષ આપે છે તેવીજ ઝીણવટથી તેઓ આત્માના કલ્યાણમાં તત્પર છે. કહ્યું છે કે :—

अजरामरवत्प्राज्ञो विद्याभर्थं च चिन्तयेत् ।
गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

જેમણે નાની વયમાંથીજ આર્થિક તેમજ પરમાર્થિક ગુણોને એવી રૂડી રીતે શોભા વેલ છે તેમની પછવાડે તેમના જેવીજ પ્રતાપી આડીવાડી ખીલી નીકળો એવી અમારી પ્રભુપ્રત્યે અંતઃકરણની પ્રાર્થના છે. ॥ અસ્તુ ॥